જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૧/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૪ બીયરટીન કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૪/૨૦૨૬**

આનંદનગરઃ વિક્રમભાઇ સ/ઓ આત્મારામભાઇ ઠાકોર (ઉ.વ.૫૧)(રહે.કાનજીભાઈનો વાડો, સાકેતીયા એચ.પી.પેટ્રોલ પંપ પાછળ, રત્નાંજલી સોલી ટાયર સામે જોધપુર ગામ આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રસોડાના લાકડાના કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– તથા વિવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/–, સોનાની વિંટી કિંમત રૂપિયા ૭૫,૦૦૦/–, સોનાના પેન્ડંટ નંગ–૦૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૨,૫૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી યુ.એચ.જાડેજા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૫/૨૦૨૬**

નરોડાઃ નરોડા હંસપુરા સ્ટાર એલીગન્સ પાસે, “રોયલ કિંગ” ફ્લેટની નવી બનતી સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યાંજ રહેતા રેણુકાબહેન કિરણભાઇ ડામોર (ઉ.વ.૩૪)(મુળ વતન:–ખાચા ફળીયુ, ગામ:– મોટા સરણૈયા, તા.સંતરામપુર જી.મહિસાગર) તા.૧૪/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રેણુકાબેન નાઓ રોયલકીંગ ફ્લેટની સાઇટના “એ–બ્લોક” ના ચૌદમા માળે પાણી છાંટવાનું કામ કરતા હતા ત્યારે અચાનક તેમનો પગ લપસી જતા “એ–બ્લોક” ના પ્લમ્બીંગ ડકમાંથી નીચે પડતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૩/૩૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ રેણુકાબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૬/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ મુકેશભાઇ રમણલાલ રાઠોડ (ઉ.વ.૪૦)(રહે.વિકાસનગર વસંતનગર ઓગણજ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પ્રથમમાળે આવેલ રૂમમાં લોખંડની પાઇપ સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

સેટેલાઇટઃ દિપકભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.ન્યુ સમર્થ વિદ્યાલય પાસે, રાજીવનગર વિભાગ–૬ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૫ સાંજના ૬/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ માધવજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી